# IITiansનો હેલ્થ માટે સેવાયજ્ઞ

**આઈઆઈટી સ્ટુડન્ટસના ન્યાસા ગ્રુપ દ્વારા સોશિયલ એક્ટિવિટી: જનરલ બોડી ચેકઅપ, આંખોની મફત તપાસ, ફ્રી મેડિસિન અને સેનિટાઈઝેશન ઈશ્યુ પર કેમ્પ થયા**

સોશિયલ એક્ટિવિટી કરતા આઈઆઈટી સ્ટુડન્ટસના ન્યાસા ગ્રુપ દ્વારા આઈઆઈટી ગાંધીનગર ખાતે હેલ્થ મેલાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાલજ અને બાસન ગામના ६००થી વધુ ગ્રામજનો એ ભાગ લીધો હતો. આ હેલ્થમેલામાં સમાજના નીચલા વર્ગને ધ્યાનમાં રાખીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હેલ્થમેલામાં કઠપૂતળીના ખેલ, નિશાનબાજીની રમતો જેવી ફનફીલ્ડ ગેમ્સ દ્વારા હેલ્થ અવેરનેસના પાઠ ભણાવવામા આવ્યા હતા જેમાં ગ્રામજનો એ તેમજ આઈઆઈટીના સિક્યુરીટી સ્ટાફ, સફાઈ કામદારો તેમજ મજૂરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહિલાઓના સ્વાસ્થય ધ્યાનમાં રાખીને સેમિનારનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં માસિક ધર્મ વખતે હાઈજીનનુ મહત્વ, ગર્ભાવસ્થા વખતે લેવાની કાળજી, બાળ ઉછેર અને ફેમિલી પ્લાનિંગ જેવા વિષયો પર જાણકારી આપવામાં આવી હતી. તેમજ મહિલાઓને સેલ્ફ હેલ્પ ગ્રુપ બનાવી રોજગારી કઈ રીતે મેળવવી તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હેલ્થ મેળામાં જનરલ બોડી ચેકઅપ, આંખોની મફત તપાસ, ફ્રી મેડિસીન અને સેનિટાઈઝેશન ઈશ્યુ પર કેમ્પ યોજવામાં આવ્યો હતો. તો ધુમાડા વગરના ચૂલા અને ચશ્માનુ રાહતદરે વિતરણ કરવામાં આવ્યું હતું.